
# મોડાસાના સુકાબજારમાં જુથ અથડામણ

## પવિત્ર રમઝાન માસમાં લઘુમતિ સમાજમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ : મસ્જીદમાં તોડફોડ : ૧૨ લોકો સામે ગુન્હો નોંધાયો









મોડાસા, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં લઘુમતિ વિસ્તાર એવા સુકાબજારમાં શુક્રવારે મોડી રાત્રે જૂની અદાવતમાં મસ્જીદમાં નમાઝ પઢાવા આવતા લઘુમતિ સમાજના લોકોના એક ખાનગી બેકરી આગળ વાહનપાર્ક કરવાના મુદ્દે લઘુમતિ સમાજના બે જૂથો વચ્ચે અથડામણ સર્જાઈ હતી. પથ્થરમારો અને છુટ્ટા હાથની મારામારીએ ગંભીર સ્વરૂપ ધારણ કરતા લઘુમતિ સમાજના લોકોમાં ફફડાટ ફેલાયો હતો. મારામારીની ઘટનાની જાણ મોડાસા ટાઉન પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે જઈ મોટી સંખ્યામાં પોલીસનો ખડકી દઈ ચૂસ્ત બંદોબસ્ત ગોઠવી દઈ પરિસ્થિતિ પર કાબુ મેળવી લીધો હતો. મારામારીમાં ૫ લોકો ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. પવિત્ર રમઝાન માસમાં લઘુમતિ સમાજના બે જૂથો વચ્ચે જૂથ અથડામણ થતા લઘુમતિ સમાજના વિસ્તારોમાં હાલની સ્થિતિ ભારેલા અગ્નિ જેવી બની ગઈ છે.

મોડાસા શહેરના લઘુમતિ વિસ્તારથી ભરચક એવા સૂકાબજારમાં આવેલી મસ્જીદ નજીક રહેલી બિસ્મીલ્લાહ બેકરી આગળ નમાઝ પઢવા આવતા લોકોએ વાહન પાર્કિંગ કરી દબાણ કરતા હોવાની વાતે ઉગ્ર બોલાચાલી બાદ જૂથ અથડામણમાં પરિણમી હતી. સૂકાબજારમાં આવેલી મસ્જીદ નજીક થતા બાંધકામ પર સાજીદહુસૈન અબ્દુલ સત્તાર ખાનજીની જમાતના માણસોએ થોડા સમય પહેલા સ્ટે લાવી દેતા આ અંગે અદાવત રાખી બિસ્મીલ્લાહ બેકરી વાળાઓએ નમાઝ પઢી ઘર તરફ જતા લોકોને ગેરકાયદેસર મંડળી રચી તેમની બેકરી આગળ વાહનો કેમ પાર્ક કરો છો તેમ કહી ઉગ્ર બોલાચાલી કરી ગાળો બોલતા નમાઝ પઢી પરત ફરતા લોકોએ ગાળો બોલવાની ના પાડતા બીસમીલ્લાહ બેકરીવાળા લોકોએ પથ્થરમારો કરી સાજીદહુસૈનને માથાના ભાગે લાકડીના ઘા મારી તેમજ પથ્થરમારો કરી આંગળીઓ તોડી નાખી તેમજ ગુલામ અહેમદ ખેરાડાને ડાબા પગે પાઈપ વડે હૂમલો કરી તેમજ અન્ય ત્રણ સાલેહમોહમંદ, આસીફ માં. હનીફ પટેલ અને ફારૂક ઈકબાલહુસેન ખાનજીને તેમજ અન્ય શખ્સો પર પથ્થરમારો કરી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આટલેથી ન અટકતા મસ્જીદમાં પથ્થરમારો કરતા સૂકાબજાર વિસ્તારમાં હાહાકાર મચી ગયો હતો. સૂકા બજારમાં લઘુમતિ કોમના બે જૂથો વચ્ચે જૂથ અથડામણ થતા લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. સૂકાબજારમાં જૂથ અથડામણના પગલે દોડી ગયેલી પોલીસે મોટી સંખ્યામાં પોલીસ કાફલો ખડકી દઈ ચુસ્ત બંદોબસ્ત ગોઠવી પરિસ્થિતિ પર કાબુ મેળવી લીધો હતો. મોડાસા ટાઉન પોલીસે સાજીદહુસૈન ખાનજીની ફરિયાદના આધારે ૧૨ શખ્સો સામે ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૬, ૩૩૮, ૪૨૭, ૨૯૫, ૫૦૪, ૫૦૬ (૨) તથા જી.પી.એક્ટ કલમ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### જૂથ અથડામણમાં મારામારી કરનાર શખ્સોના નામ

- મંહમ્મદ હનીફ અબ્દુલ રજ્જાક શેખ (બિસમીલ્લાહ બેકરી, મોડાસા)
- ઈમ્તીયાઝ ઈસ્માઈલભાઈ દાદુ (રહે. બન્ને ફોરચ્યુન કોમ્પલેસ મોડાસા)
- શાહનવાઝ ઈસ્માઈલભાઈ દાદુ
- મુસ્તુફા અબ્દુલ રહેમાન ખાલક (રહે. મોટી વ્હોરવાડ)
- મુસ્તાક અબ્દુલરઝાક શેખ (બન્ને રહે. હિદાયત મસ્જીદ, મોડાસા પાસે)
- મહંમદસફી અબ્દુલ રઝાક શેખ
- ગુલામનબી અબ્દુલકરમી શેઠ ઉર્ફે નદીવાલા (બન્ને રહે. મોટી વ્હોરવાડ)
- ગુલામ મોહમ્મદ કાદરભાઈ ધોળકાવાળા
- ખાનહાફીઝ ઉસ્માનભાઈ મીઠાઈવાલા (મરદી બજાર)
- રફીકભાઈ મો. યુનુસ ઈપ્રોલીયા (ઉર્ફ ઘાટી) ગરીબનવાઝ સોસાયટી
- મુઝફફર મુસ્તાક શેખ (હિદાયત મસ્જીદ પાસે)
- મેહમુદ જીલાની (એશીયન બેકરી, મોડાસા)

# ઈડરમાં સહકારી વિવિધ યોજનાઓની જાણકારી તેમજ માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

ઈડર, તા. ૧૧

પિસ્તાલીસ (પાંત્રીસ ગામ) પરગણા સહિત સમાજ સેવા ટ્રસ્ટ, સપ્તેશ્વર દ્વારા ડૉ. બાબાસાહેબ




આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે સમાજ કલ્યાણ ખાતાની સરકારની વિવિધ યોજનાઓની જાણકારી સમાજના લોકો સુધી પહોંચાડવા માટેના કાર્યક્રમનું મુ. સપ્તેશ્વર (મહાદેવ મંદિર) તા. ઈડર, જી. સાબરકાંઠા ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત અનુ. જાતિ અતિપછાત વિકાસ નિગમ, ગાંધીનગરના એમ.ડી. પી.બી. શ્રીમાળી ઉપસ્થિત રહી સમાજ કલ્યાણ ખાતાની સરકારની વિવિધ યોજનાઓની વિસ્તૃત માર્ગદર્શન પુરૂ પાડી પ્રશ્નોત્તરી દ્વારા માહિતી સભર વિગતો પુરી પાડેલ હતી. કાર્યક્રમમાં યોજનાઓની માહિતીસભર સાહિત્ય પુરૂ પાડવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમ યોજવાના હેતુનો ખ્યાલ આપી સ્વાગત પ્રમુખ કૌશિકકુમાર એમ. પરમારે કર્યું હતું.

યોજનાઓની વિસ્તૃત માહિતી શિષ્યવૃત્તી યોજના, સ્વાવલંબન યોજના, મકાન સહાય, પાયલોટ, વિદેશ અભ્યાસ અંગે, સમૂહલગ્ન યોજના, જિલ્લા/તાલુકા કક્ષાની કચેરી દ્વારા થતી કામગીરીની વિગતો આપી હતી. આ પ્રસંગે સમાજના મોટી સંખ્યામાં વડીલો, યુવાનો, યુવતીઓએ હાજર રહી ભાગ લીધો હતો.

સમાજની બાળા કુ. અંજુ ભરતભાઈ સોમભાઈ એકલારાએ ડૉ. બાબાસાહેબ વિશે વ્યક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન યશવંતભાઈ સી. પરમારે કર્યું હતું. આભારવિધિ પરેશકુમાર ડી. પરમારે કર્યું હતું. આ કાર્યક્રમ સફળ બનાવવા માટે ટ્રસ્ટના હોદ્દેદારો, કારોબારી સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.



### અરવલ્લી જિલ્લામાં ૨૮૨૮ બાળકોને ધોરણ-૧માં પ્રવેશ અપાયો

અરવલ્લી જિલ્લામાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે ત્યારે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી અંતર્ગત ૬ તાલુકાઓમાં ત્રણ દિવસ દરમિયાન તમામ પ્રાથમિક શાળાઓમાં ૬૪૨૩ વિદ્યાર્થીનીઓ સહિત જિલ્લામા કુલ ૧૨૮૨૮ બાળકોને ધો.૧ માં પ્રવેશ આપવામાં આવ્યો હતો અને કુમકુમ તિલક કરી ગોળ-ધાણા ખવડાવી બાળકોને વાજતે-ગાજતે શાળા પ્રવેશ આપવામાં આવ્યો હતો. અને દફતર સહિત વિવિધ કિટ્સનું વિતરણ પણ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કરાયું હતું. જેમાં મોડાસાના મોટી ઈસરોલ અને આસપાસની પ્રાથમિક શાળાઓમાં જિલ્લા આરોગ્ય સર્વેલન્સ અધિકારી ડો. ડામોર અને જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસ પટેલની ઉપસ્થિતિમાં બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો. જેમાં શાળાનાં ભૂલકાઓએ સ્વાગત ગીત રજુ કર્યુ અને પર્યાવરણ બચાવવા પણ બાળકોએ મુક્ત રીતે વક્તવ્ય આપ્યું હતું. મોટી ઈસરોલમાં શાળાના વિદ્યાર્થી પ્રસિદ્ધ સોલંકીએ કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યુ હતું જયારે આચાર્ય ભવાનસિંહ ખાંટે આભાર વ્યક્ત કર્યો હતો.

# અરવલ્લી જીલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ૪૯૮ ઓરડાઓની ઘટ

ભિલોડા,તા.૧૧

અરવલ્લી જીલ્લામાં આવેલ પ્રાથમીક શાળાઓમાં ૪૯૮ ઓરડાઓની ઘટ હોવાના કારણે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ભારે મુશ્કેલીઓ સહન કરવાનો વારો આવ્યો છે.ગુજરાત રાજ્ય સરકાર ધ્વારા છેલ્લા ઘણા વર્ષોથી ધામધુમથી કન્યા કેળવણી મહોત્સવ,ગુણોત્સવ અને શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમો ધામધુમથી ઉજવવામાં આવે છે પરંતુ અત્યંત દુ:ખની બાબત એ છે કે અરવલ્લી જીલ્લાની પ્રાથમીક શાળાઓમાં ૪૯૮ ઓરડાઓની ઘટ છે તે ખરેખર શરમજનક બાબત છે.એક તરફ સૌ ભણે સૌ આગળ વધે તેવી વાતો કરવામાં આવે છે.

ગુજરાત પ્રદેશ પંચાયત પરીષદ પ્રમુખ,અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રભાઈ કાંતીલાલ પારઘી સહિત જાગૃત પ્રજાજનો અને વિદ્યાર્થીઓના માતા-પિતાઓએ જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યની ભાજપ સરકાર ગતિશીલ ગુજરાત,વાયબ્રન્ટ ગુજરાતની મોટી મોટી ગુલબાંગો ફુકે છે ત્યારે એક તરફ હાલના તબક્કે શાળા પ્રવેશોત્સવ નામના તાયફા પાછળ ગુજરાત સરકાર ધ્વારા થઈ રહ્યા છે પરંતુ અરવલ્લી જીલ્લામાં પ્રાથમીક શાળાઓમાં ૪૯૮ ઓરડાઓની ઘટ હોવાના કારણે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ભારે હાલાકીઓ ભોગવાનો વારો આવ્યો છે.રાજ્ય સરકાર ધ્વારા ગતિશીલ ગુજરાતની મોટી મોટી વાતો કરવામાં આવે છે પરંતુ મંદ મંદ ગતિએ પણ વિકાસ થઈ રહ્યો નથી? નવરચિત અરવલ્લી જીલ્લાના વિકાસ સંદર્ભે રાજ્ય સરકાર ધ્વારા ઓરમાયું વર્તન રાખવામાં આવે છે ત્યારે પ્રજાજનોમાં ભારે રોષ ભભુકી ઉઠ્યો છે.ગુજરાત રાજ્ય સરકાર ધ્વારા અરવલ્લી જીલ્લામાં પ્રાથમીક શાળાઓમાં ૪૯૮ ઓરડાઓની ઘટ છે ત્યારે સત્વરે યોગ્ય ન્યાયીક કાર્યવાહી કરી ઓરડાઓની ઘટ પુરી કરવા પ્રબળ લોકમાંગણી છે.અરવલ્લી જીલ્લાના અમુક અંતરીયાળ વિસ્તારોમાં ગામડાઓમાં આવેલ પ્રાથમીક શાળાઓમાં વિદ્યાર્થીઓને પીવાના પાણીની યોગ્ય સુવિધા પુરી પાડવા,પ્રાથમીક શાળાઓમાં પ્રોટેક્શન દિવાલ બનાવવા તેમજ કોમ્પ્યુટર સુવિધા ન હોઈ તો પુરી પાડવી જોઈએ તેમ અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રભાઈ પારઘીએ જણાવ્યું હતું.અરવલ્લી જીલ્લામાં પ્રાથીમક શાળાઓમાં ઓરડાઓની ઘટ હોવાના કારણે ઉપર આભ,નીચે ધરતીના સહારે વિદ્યાર્થીઓને ભણવાનો વારો આવ્યો છે.

# અંબાજીમાં બની કલંકીત ઘટના

## એક યુવતી ઉપર સામુહીક બળાત્કાર : આરોપીઓ યુવતીને એકલી મુકીને ફરાર

(હરેશ જોષી) પાલનપુર, તા.૧૧

યાત્રાધામ અંબાજી ની એક હોટલ માં એક યુવતી ઉપર સામુહીક



બળાત્કાર ની ઘટના બનતાં ભારે ચકચાર મચી જવા પામી છે. અને આરોપીઓ યુવતી ને એકલી મુકી ને ફરાર થઈ જતાં પોલીસે તપાસ હાથધરી છે.

અમદાવાદ વાસણાં વિસ્તાર માં રહેતી એક ૨૨ વર્ષીય યુવતી કે જે નાં લવમેરેઝ થયે ૪ વર્ષ થયાં જેમાં પોતાના પતિ સાથે મનમેળ ન હોવાથી છેલ્લા બે વર્ષ થી એકલી રહેતી આ યુવતી નાં મોબાઈલ ઉપર રોંગ નંબર થી ફોન આવ્યો અને પ્રેમ થઈ ગયો સાણંદ નાં એક ૩૨ વર્ષીય ભીખાભાઈ સાથે અને ભીખાભાઈ સાથે પણ આ યુવતી ને ઓફર કરી નાખી લગ્ન કરવાની જેને લઈ યુવતી ને મળવાં અંબાજી બોલાવી અને રોકાયા રીધ્ધી સીધ્ધી હોટલ માં જ્યાં ભીખાભાઈએ આ યુવતી સાથે દુષ્કર્મ કર્યુ. અને એટલામાં ઓછુ હોય તેમ યુવતી ની વિડિયો ક્લીપીંગ ઉતારી છે તેમ કહીં બ્લેક મેલીંગ કરી ભીખાભાઈ સાથે રહેલાં બે અન્ય યુવાનો સાથે પણ યુવતી ને સારીરીક સંબધ બાંધવા મજબુર કરી જ્યાં ખેલાયો સામુહીક બળાત્કાર નો ખેલ. અને ત્યાર બાદ યુવતી ને લઈ ગયા રાજસ્થાનનાં ઉદેપુર જ્યાં બહાનું બતાવી ભોગ બનનાર યુવતી ને એકલી મુકી ત્રણેય આરોપીઓ ફરાર થઈ ગયા. ને યુવતી એકલી પરત પહોંચી અંબાજી પોલીસ માં અને ત્રણેય નરાધમો સામે કરી દીધી ફરીયાદ.

જોકે આ બાબત નાં સમાચાર વાયુ વેગે પ્રસર્તા એક વકીલ ઈદ્રીસ પઠાણ જે દલીત આદીવાસી વંચીત સમુદાય વિકાસ સંગઠન માં આવી પીડીત યુવતી અને યુવકો ને ન્યાય અપાવાનું કામ કરે છે અને તેમને પણ આ ત્રણેય નરાધમો સામે સખ્તાઈ ભર્યા પગલાં લઈ યુવતી ને ન્યાય અપાવવાં માંગ.

આ સમગ્ર મામલે અંબાજી પોલીસ માં દુષ્કર્મ કરનાર સાણંદ નાં ભીખાભાઈ રાવળ સહીત તેમવાં બે સાગીરતો સામે સામુહીક બળાત્કાર ની ફરીયાદ નોંધાઈ જે બાબતે અંબાજી પોલીસ કાયદેસર ની કાર્યવાહી હાથધરી આરોપીઓ ની શોધખોળ કરી રહી છે.

જોકે આ સમગ્ર બાબત લગ્ન કરવાની લાલચ અને નવી જીંદગી જીવવાનાં ઓરતા રચી અંબાજી આવેલી યુવતી ને આવા દુષકૃત્ય નો ભોગ બની તે ખરેખર એક ઘૃણાસ્પદ બાબત કહી શકાય કે જ્યાં સ્ત્રીઓ પોતાની મનમાની અને ઉંચા સ્વપનો નાં કારણે પોતાની જીંદગી બરબાદ કરી નાખે છે. ને દુષ્કર્મ કરનાર આવા તક નો લાભ લઈ પોતાના મનસુબા ને પાર પાડે છે. જોવુ એ રહ્યુ ભોગ બનનાર યુવતી ને ન્યાય ક્યારે મળે છે. ને ક્યારે ઝડપાય છે આ ઘટના ના આરોપીઓ

# પાલનપુરમાં આ વર્ષે રથયાત્રાનો રૂટ લંબાવ્યો : શહેરના ૧૦ કી.મી. વિસ્તાર સુધી પરિભ્રમણ કરશે

પાલનપુર, તા. ૧૧

આગામી ૬ જુલાઈના અષાઢી બીજના રોજ જીલ્લામથક પાલનપુર શહેરમાં ભગવાન જગનનાથની ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. નવાબી સમયથી પાલનપુરના પથ્થર-સડક રામજી મંદિરથી પરંપરાગત શહેરના પૂર્વ વિસ્તારમાંથી નીકળવામાં આવે છે જોકે છેલ્લા બે વર્ષથી પાલનપુર શહેરના પશ્ચિમ વિસ્તારના લોકો ની માંગણી લઈને શ્રી રામ સેવા સમિતિ દ્વારા ભગવાન જગન્નાથની ભવ્ય રથયાત્રાની રૂટમાં પ્રથમવાર ફેરફાર કરવામાં આવ્યો છે. પાલનપુર રામજી મંદિર ખાતે યોજાયેલ પત્રકારો સાથેની બેઠક મંદિરનાં મહંત રાઘવદાસજીએ માહિતી આપતા જણાવેલ કે, અષાઢી બીજના દિવસે સવારે નવ વાગ્યે રામજી મંદિરથી ભગવાન જગન્નાથ રથયાત્રાનું પ્રસ્થાન થશે. પાલનપુર શહેરના પૂર્વ વિસ્તાર પરિભ્રમણ કરી બપોરે શહેરના પશ્ચિમ વિસ્તાર ગણાતા ગઠામણ



દરવાજા, ઈદગાહ રોડ, અંબિકાનગર, લક્ષ્મીપુરા, કૈલાશનગર, સરકારી વસાહત, અરોમા સર્કલ, હનુમાન ટેકરી, સુખબાગ રોડ, ઢુંઢીયાવાડી વિસ્તાર થઈ કોઝીથી પૂર્વ વિસ્તારમાં ફરશે. આ વખતે ભગવાન જગન્નાથની રથયાત્રા દસ કિલોમીટર સુધી શહેરના રાજમાર્ગો પર જુદી જુદી ઝાંખીઓ, આદિવાસી નૃત્ય, હાથી, ઘોડા, બગીઓ તેમજ ભગવાનના ત્રણ રથ સાથે ભવ્ય રથયાત્રામાં દર્શન માટે ધર્મપ્રેમી જનતાને આયોજકેએ અપીલ કરી છે.

# સુઈ રહેલી મહિલાના પગમાં પહેરેલા ચાંદીના કાંપીઓની ચોરી

## રાત્રિના સમય દરમિયાન બે ચોર ઈસમો દ્વારા ૨૫૦ ગ્રામ વજનની ૧૦,૦૦૦ની કિંમતની કાંપીઓ ચોરી પલાયન થતાં ફરિયાદ

પ્રાંતિજ તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સાદોલિયા ખાતે આવેલ શકિત ફાર્મ માં રહેલા પરિવાર ની મહિલાના પગમાંથી ચાંદીના કાંપીઓ કોઈ અજાણ્યા બે ચોર ઈસમો ચોરી કરી જતાં મહિલાના પતિ દ્વારા પોલીસ ફરિયાદ થઈ .

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના સાદોલીયા ગામ નજીક આવેલ શકિત ફાર્મ ખાતે રાત્રીના સમયે પતિ-પત્ની ઘરની બહાર સુઈ ગયાં હતાં તેને સમયે અંદાજે બે વાગતાંના સમય દરમ્યાન અજાણ્યા કોઈ બે ચોર ઈસમો દ્વારા મહિલાના પગમાંથી ૨૫૦ ગ્રામ વજનના ચાંદીના કાંપીઓ જેની કિંમત -૧૦,૦૦૦ કોઈ ચોર ઈસમો ચોરી કરી લઈ જતા મહિલાના પતિ ઝાલમસિંહ કુંવરસિંહ મકવાણા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરતાં પોલીસે અજાણ્યા બે ચોર ઈસમો વિરૂધ્ધ ગુનોનોધી આગળની તપાસ હાથધરી છે .

# ડીસા પાલિકાના જેસીબી મશીને સ્મશાનનો કોટ તોડી પાડતાં હંગામો

ડીસા, તા. ૧૧

ચોમાસાના આગમન પૂર્વે ડીસા નગરપાલિકા દ્વારા આક્રમક સફાઈ અભિયાન હાથ ધરાયું છે. જો કે ગત રોજ ડીસાના રેલ્વે સ્ટેશન વિસ્તારમાં સ્મશાન ગૃહમાં સાફ સફાઈ માટે પહોંચેલા જેસીબી મશીનના ચાલકે સ્મશાન ગૃહનો કોટ તોડી પાડતાં ગરમાવો સર્જાયો હતો અને આ ઘટનાના પગલે સ્થાનિક રહિશોએ ભારે હંગામો મચાવી રોષ ઠાલવ્યો હતો.

ડીસા નગરપાલિકા દ્વારા ચોમાસાના આગમન પૂર્વે હાથ ધરાયેલ સફાઈ અભિયાન અંતર્ગત ગતરોજ બપોરે ડીસાના રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલા સ્મશાન ગૃહમાં જેસીબી મશીન દ્વારા સફાઈ અભિયાન હાથ ધરાયું હતું. જો કે આ કામગીરી દરમ્યાન જેસીબીના ચાલકે બેદરકારી દાખવી સ્મશાન ગૃહનો દશ ફુટ જેટલો કોટ તોડી પાડતા સ્થાનિક રહિશો ઉશ્કેરાઈ ગયા હતા અને આ મામલે હંગામો મચાવવી રોષ ઠાલવ્યો હતો. આ ઘટનાના પગલે સ્મશાન ગૃહમાં લોકોનું મોટું ટોળું જામ્યું હતું અને સ્થાનિક અગ્રણીઓએ પણ પાલીકાના જેસીબી મશીનના ચાલક ઉપર મનમાનીના આક્ષેપો કર્યા હતા.

ડીસાના રેલ્વે સ્ટેશન વિસ્તારના સ્મશાન ગૃહની સફાઈ વખતે જેસીબી મશીનના ચાલકે સ્મશાન ગૃહની દિવાલ તોડી પાડતાં સર્જાયેલ ઉહાપોહ વચ્ચે આ વિસ્તારના પાલિકા સદસ્ય દિપકભાઈ પટેલે જણાવ્યું હતુ કે પાલિકા દ્વારા વર્ષોથી સ્મશાન ગૃહમાં સફાઈ થતી નથી અને આ વખતે સફાઈના નામે કોટતોડી



પડાયો છે. પાલિકા તંત્ર લોકોને હેરાન કરવામાં જ વધુ પડતો રસ દાખવતું હોવાનો આક્ષેપ પણ દિપકભાઈ પટેલે કર્યો હતો.